શૈક્ષણિક સોફ્ટવેર બનાવવા અંગે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એજ્યુકેશનલ સોફ્ટવેર સેન્ટરની સ્થાપના.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જસબ/૧૨૨૦/૯૧/ન
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૪-૫-૨૦૦૦

આ મુ ખ :-

ગુજરાત રાજ્યની ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષય દાખલ કરવામાં આવ્યો છે. કોમ્પ્યુટર શિક્ષણ અન્વયે હાલ વર્ડ, એક્સેલ તથા પાવર પોઈન્ટ જેવા પ્રોગ્રામ શીખવવામાં આવશે. આ પ્રોગ્રામો ઉપરાંત, અભ્યાસક્રમના અન્ય વિષયો, જેવાં કેઃ ગણિત, ભુગોળ તથા વિજ્ઞાનમાં કોમ્પ્યુટર મદદરૂપ થઇ શકે તે માટે શૈક્ષણિક સોફટવેર શાળાઓને ઉપલબ્ધ કરાવવો ખૂબ જરૂરી છે. આ પ્રકારના સોફટવેર અત્યારે વ્યવસાયિક ધોરણે ઉપલબ્ધ છે, પરંતુ મોટાભાગના સોફટવેર અંગ્રેજી ભાષામાં છે. ઘણા સોફટવેર પરદેશમાં બન્યા હોય, તેમાં ભાષાનું ઉચ્ચારણ તેમજ વિષય સંદર્ભ આપણા બાળકો તેમજ અભ્યાસક્રમને અનુરૂપ નથી. ગુજરાતની શાળાઓમાં શૈક્ષણિક સોફટવેર ગુજરાતી ભાષામાં હોવો જોઇએ તેમજ ગુજરાતની સામાજિક, ભૌગોલિક, ઐતિહાસિક પૃષ્ઠભૂમિને અનુરૂપ હોવો જોઇએ. હાલ આ પ્રકારની સોફટવેરની ઉપલબ્ધિ નહિંવત છે અને ઉપલબ્ધિ કરાવવા માટે સરકાર છેલ્લા થોડા સમયથી સોફટવેર ડેવલપમેન્ટ સેન્ટર બનાવવાનું વિચારી રહી હતી. આ અંગે શૈક્ષણિક સોફટવેર નિષ્ણાતો અને સંસ્થાઓ સાથે ચર્ચા અને અભ્યાસ કર્યા પછી નીચે મુજબ નિર્ણય લીધો છે.

ઠ રા વ :-

ગુજરાત રાજયની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને શૈક્ષણિક સોફટવેર ઉપલબ્ધ કરાવવા એક સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એજયુકેશનલ સોફટવેરની રચના કરવામાં આવશે અને સેન્ટર ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ (જીસીઇઆરટી) હસ્તક ઉભું કરવામાં આવશે. જી.સી.ઇ.આર.ટી. માં હાલ આવુ સેન્ટર ઉભુ કરવા માટે કોમ્પ્યુટર લેબોરેટરી અને અન્ય સગવડતા ઉપલબ્ધ ન હોય, આ સેન્ટરની શરૂઆત વિક્રમ સારાભાઇ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, જે ભારત અને રાજય સરકાર સહાયિત સંસ્થા છે તેમાં કરવામાં આવશે. આ માટે જી.સી.ઇ.આર.ટી. કોમ્યુનીટી સાયન્સ સેન્ટર સાથે યોગ્ય વ્યવસ્થા તેમજ સમજુતી કરાર કરશે.

આ સેન્ટર પોતાની કામગીરી અન્વયે સૌપ્રથમ હાલ જે કાંઇ શૈક્ષણિક સોફટવેર ઉપલબ્ધ છે તે એકઠા કરશે અને તેની એક રીસોર્સ લાયબ્રેરી બનાવશે. જે સોફટવેર વ્યવસાયિક ધોરણે ઉપલબ્ધ છે તેની ખરીદી કરવામાં આવશે અને જે સોફટવેર ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી શકાશે તે, તે રીતે મેળવવામાં આવશે. આ કામગીરીમાં સંકળાયેલ દેશ-વિદેશની સંસ્થાઓનો સંપર્ક કરી શાળાઓને ઉપયોગી સોફટવેર મેળવવામાં આવશે. આ સોફટવેરનો તજજ્ઞોની એક સમિતિ ધ્વારા અભ્યાસ કરાવી, સોફટવેર આપણી શાળાઓ માટે કઇ રીતે ઉપયોગી થઇ શકે તેનું મુલ્યાંકન કરાવવામાં આવશે. ભાષાંતર અથવા અન્ય કાંઇ ફેરફાર કરી સોફટવેર ગુજરાતની શાળાઓ માટે અનુરૂપ બનાવી શકાય તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

આ સેન્ટર એક તજજ્ઞ સમિતિ મારફત શાળામાં ભણાવાતા કયા વિષયોમાં કોમ્પ્યુટરનો અસરકારક ઉપયોગ થઇ શકે તેનો વિગતવાર અભ્યાસ કરાવાશે અને આ વિષયોમાં જો ભાષાંતર અથવા સુધારા કરવાથી પણ સોફટવેર ઉપલબ્ધ ન થઇ શકે તો

સોફટવેર ડેવલપર્સ પાસે આવા સોફટવેર બનાવડાવવાનું આયોજન તેમજ કાર્યવાહી કરશે. અભ્યાસક્રમ ઉપરાંત, સામાન્ય જ્ઞાન અને માહિતી અંગેના સોફટવેર બનાવી શકાશે. આ રીતે તૈયાર કરાયેલ સોફટવેરનો કોપીરાઇટ જરૂર જણાયે, સેન્ટર લઇ શકશે.

ભાષાંતર, સુધારા વધારા અથવા મૌલિક રીતે જે સોફટવેર તૈયાર કરાવવામાં આવે તેનું મુલ્યાંકન એક સ્વતંત્ર સમિતિ ધ્વારા કરાવવાનું રહેશે. આ સમિતિની ભલામણને આધારે સેન્ટર આવા સોફટવેરને પ્રમાણિત (સર્ટીફાઇડ) કરશે.

જે શૈક્ષણિક સોફટવેર સેન્ટર ધ્વારા પ્રમાણિત કરવામાં આવશે તે સોફટવેર શાળાઓને ઉપલબ્ધ કરાવવાનું કામ રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર નકકી કરે તેવી સંસ્થા (દા.ત. પાઠય પુસ્તક મંડળ) એ કરવાનું રહેશે. શાળાને આપવાના સોફટવેરની કિંમત તેમજ ખરીદીની સંખ્યા અંગે નિર્ણય રાજ્ય સરકારે અથવા રાજ્ય સરકાર નકકી કરે તે સંસ્થાએ કરવાનો રહેશે. આ પ્રકારનો સોફટવેર ગ્રાન્ટ ઇન એઇડ શાળા ખરીદે તો તેને ગ્રાન્ટ માટે માન્યતા કમિશ્નરશ્રી (શાળા) એ આપવાની રહેશે.

સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એજ્યુકેશનલ સોફટવેરની રચના કરવા તથા તેની કામગીરી વ્યવસ્થિત રીતે થાય તે માટે તમામ નિર્ણયો જી.સી.ઇ.આર.ટી. એ લેવાના રહેશે. આ સેન્ટર માટે જુદી રજીસ્ટર્ડ સોસાયટી બનાવવાની જરૂર લાગે તો તે નિર્ણય પણ જી.સી.ઇ.આર.ટી. લઇ શકશે.

સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એજ્યુકેશનલ સોફટવેર માટે ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં રુ.૨૦ લાખની નવી બાબતથી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ

છે. આ સેન્ટરની કામગીરી માટે નીચે મુજબની વિગતોએ રુ.૨૦ લાખનો ખર્ચ કરવાની જી.સી.ઇ.આર.ટી. ને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) રુ.૪ લાખ :

પાંચ કોમ્પ્યુટર (નેટવર્ક સહિત), સ્કેનર, પ્રિન્ટર અને તે માટે કોમ્પ્યુટર ફર્નીચર.

(૨) રુ.૮ લાખ :

સોફટવેર લાયબ્રેરી માટે ખરીદવાનો સોફટવેર, ડાઉન લોડ કરવા પર રોયલ્ટી. સોફટવેર બનાવડાવવા માટે અને કોપી રાઇટ ખરીદવા માટે.

(૩) રુ.૫ લાખ:

નિર્દેશક અને બે કોમ્પ્યુટર નિષ્ણાતોનો પગાર ખર્ચ એક વર્ષ કોન્ટ્રાકટ ધોરણે.

(૪) રુ. ૨ લાખ :

તજજ્ઞ સમિતિના સભ્યોનું મુસાફરી ખર્ચ, મીટીંગ ખર્ચ.

(૫) રુ.૧ લાખ :

વિજળી, સ્ટેશનરી તથા અન્ય ઓફીસ ખર્ચ.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૦૨-સામાજિક શૈક્ષણિક-૦૧-નિર્દેશ અને વહીવટ-૮૦-સામાન્ય ૧૧-ઇડીએન-૧૬-ગુજરાત રાજય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદને નાણાકીય સહાય હેઠળ મંજર થયેલ જોગવાઇમાંથી ખર્ચ મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭-૫-૨૦૦૦ ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ. કે. ત્રિવેદી )
નાયબ સચિવ

પ્રતિ,

- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (શાળાઓ) ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ડો. વિક્રમ સારાભાઇ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નાણાકીય સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ.
- સીલેકટ ફાઇલ.